સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ઉપરથી નીચે સુધી બધા જ કટકી ખોડે છે,
આ ગોવિંદાઓ સંપીને બેન્કોની મટકી ફોડે છે.
'નકટી' આ પ્રજાને શર્મ નથી પોલીસ-પ્રજાની,
લાચાર કોર્ટ પણ એને, માથાં પટકી છોડે છે
(બધા 'કલીનચીટ'ની મલાઈથી છટકી જાય છે)

હાઈકુ

'માખવ ખાવ'
- ચોરી-લૂંટીને પણ...
કૃષ્ણ સંદેશ...

તું 'કર્મ' કર !
ફળની ચિંતા નહીં -
ગીતા સંદેશ...

ચિંતન

ઉત્થાયોત્થાય બૌદ્ધવ્યં મહદ્ભયમુપસ્થિતમ્ ।
મરણવ્યાધિશોકાની કિમદ્ય નિપતિષ્યતિ ॥

ઉપરોક્ત શ્લોક 'ડિવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી' લેવામાં આવેલ છે.

દરરોજ સવારે ઊઠીને માણસે જાણી લેવું કે 'આજે મરણ, રોગ કે શોક એમાંથી કયો ભય આવી પડશે.' કારણ કે કોઈને કોઈ મોટો ભય માણસ સામે હાજર હોય છે.

દિવસ ઉગવાની સાથે જ અનેક સમસ્યાઓનો પણ ઉદય થાય જ છે. રોગ-પીડા-દુઃખ એ આપણા ભયના સ્વરુપ છે. માણસે એનું ચિંતન કરવું જ ન જોઈએ.

હકારાત્મક વિચાર સુખ-શાંતિ નિરોગી શરીર અને સંવેદનશીલ વિચાર વાળી દૃષ્ટિથી જ સૂર્યદર્શન કરવા જોઈએ.

સુવિચાર

- સાચું એ જ વ્યક્તિ બોલી શકે જે સ્વાર્થી ન હોય, જેને અણહકની કોઈ ચીજ ખપતી ન હોય - **બોધિવૃક્ષ**
- વિચાર મનને પલાળે છે, વાદળ તનને પલાળે છે, પલાળતાં પહેલા એ બંને આપણને ખૂબ તપાવે છે, તપ્યા પછી તરબોળ થવાનો આહ્લાદક આનંદ માણી શકાય છે - **રોહિત શાહ**
- આપણી લુચ્ચાઈઓ અને આપણી સડેલી દાનતમાંથી નીપજેલી ખામીઓ પ્રદૂષિત હોય છે, એને ઢાંકવા માટે દંભ જરૂરી છે - **કાંતિ ભટ્ટ**
- પ્રભાવશાળી માન્યતાઓ પર શ્રદ્ધા રાખી પૂર્ણ ચોકસાઈથી વિકાસ કરશો, તો અશક્ય લાગતાં કામો કરી શકશો - **એન્થની રોબિન્સ**
- નિષ્ફળતા એ થોડી મોડી સફળતા છે, નહીં કે પરાજય, તે થોડો લાંબો રસ્તો છે, નહીં કે રસ્તાનો અંત - **ડેનિસ વેટલી**
- ઈચ્છા એ જ બધી સિદ્ધિની શરુઆત છે : આશા નહીં, કામના નહીં, પણ તીવ્ર ધબકતી ઈચ્છા, જે બધાને અતિક્રમે છે - **નેપોલિયન હીલ**
- આજનું ઔષધ : ત્રણ ગ્રામ સૂંઢ પાઉડર ગરમ પાણી સાથે પીવાથી દાંતના દુઃખાવામાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક ગામનાં બજારમાં એક ભજીયા વાળો રાજુ નામનો યુવાન હતો. એને ત્યાં જે ગ્રાહક ભજીયા ખાવા જાય એને રાજુ એવા પ્રેમથી ભજીયા ખવડાવે કે પેલાને એવું લાગે કે આ રાજુ તો જાણો મારી જ રાહ જોઈ રહ્યો હતો. રાજુ પણ ઓછું ભણેલો પણ એની કોઠાસૂઝ સારી એટલે કાયમ એને ત્યાં ભીડ રહેતી. એકવાર બે વડીલો અમરતભાઈ અને મનુભાઈ એને ત્યાં ભજીયાં ખાવા આવ્યા. અને ઓર્ડર આપ્યો અને ચર્ચા ચાલી. કર્મ અને ભાગ્યની વાતો કરતાં હતા એવામાં રાજુએ ભજીયાની ડીશ મૂકી અને અમરતભાઈએ કહ્યું, 'આ રાજુ મહેનતથી આગળ વધી રહ્યો છે.' મનુભાઈએ કહ્યું 'મહેનતથી કંઈ ન વળે નસીબ જોઈએ.' રાજુએ બંને વડીલોને સંબોધીને કહ્યું, 'વડીલો, જરા મને પણ સાંભળો. આપ બંનેને બેંકમાં લોકર તો હશે જ ને ? આ લોકરની બે ચાવી હોય છે. એક આપણી પાસે અને એક બેંકના મેનેજર પાસે. બંને ચાવી એક સાથે લાગે નહીં ત્યાં સુધી લોકર ખુલે નહીં. બરોબરને ?! હવે એવું સમજો તમે કર્મયોગી પુરુષ છો અને મેનેજર ભગવાન છે. તમારી પાસે મહેનતની ચાલવી છે અને તેની પાસે ભાગ્યની. બંને ચાવી લાગે ત્યારે તાળું ખુલે. હવે આપણને એવી તો ખબર નથી કે ઉપરવાળો કયારે ભાગ્યની ચાવી લગાડશે. કયાંક એવું ન થાય કે ભગવાન પોતાની ભાગ્યવાળી ચાવી લગાડતા હોય અને આપણે પરિશ્રમ વાળી ચાવી લગાડતાં રહેવું જોઈએ આમ સતત કરે જવાથી પરિશ્રમની ચાવી લગાડતાં રહેવું જોઈએ આમ સતત કરે જવાથી નસીબનું તાળું જરૂર ખુલી જશે.' અમરતભાઈ અને મનુભાઈને રાજુની વાત સાંભળી અને ફિલોસોફી પર માન થયું.

કૃષ્ણથી વધુ કંઈ હોય તો હું એ નથી જાણતો

તંત્રીસ્થાનેથી...

કૃષ્ણ એ માત્ર મહાભારતનું મહાનાયક સમું પાત્ર નથી. કૃષ્ણ એ બ્રહ્માંડની ચેતના છે. એના પર ભારતનો જ અધિકાર છે એવું કહેવામાં કૃષ્ણનું જ અવમૂલ્યન છે. પરંતુ કૃષ્ણ પર ભારતનો વિશેષાધિકાર છે એમાં બે મત ન હોઈ શકે. સાહિત્ય અને સંસ્કૃતિમાંથી માત્ર કૃષ્ણને બાદ કરીએ તો માનવજાતના ઈતિહાસમાં શું બચે તે પ્રશ્ન છે. ભારતીય સંસ્કૃતિ અને સનાતન ધર્મ અવતારવાદમાં માને છે. રામ અને કૃષ્ણ ભગવાન વિષ્ણુના અવતારો છે. રામ મર્યાદા પુરુષોત્તમ છે, કૃષ્ણ પૂર્વ પુરુષોત્તમ છે. રામ બાર કળાઓના નાયક છે, કૃષ્ણ સોળે કળાએ વિકસેલા મહાનાયક છે. વિશ્વમાં હરજી કૃષ્ણ જેવું તો ઠીક એની નજીક ગણાય એવું કાલ્પનિક પાત્ર પણ રચાવું બાકી છે. ભગવાન કૃષ્ણ દ્વૈપાયન વ્યાસે કૃષ્ણનું પાત્ર રચીને માનવજગતને એવો અણમોલ વારસો આપ્યો છે જે ન ભૂતો ન ભવિષ્યતિ જેવો છે. ભારત દુનિયામાં વિશ્વગુરુ તરીકે ઊંચું માથું રાખીને ટકી રહ્યું છે તેનું રહસ્ય એનામાં અંતર્નિહિત કૃષ્ણ ચેતના જ છે. કૃષ્ણ કયાંથી કયાં વિહાર કરે છે તે જોઈએ તો મનુષ્યમાં સંગોપાયેલું દિવ્ય તત્ત્વ છતું થયા વિના રહેશે નહીં. મથુરાની જેલમાં કેદી બનાવાયેલી દેવકી - વસુદેવનું આઠમું સંતાન ક્રૂર કંસના સકંજામાંથી એટલ સારું બચી શક્યું કે એનું અવતરણ જ એક વિશેષ કલ્યાણકારી હેતુસર થયું હતું. કુરુક્ષેત્રની રણભૂમિમાં અર્જુનને શાશ્વત આશ્વાસન આપતાં શ્રીકૃષ્ણ કહે છે :

યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત।
અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ ॥

પોતે કોઈ સામાન્ય માનવ બાળ નથી પરંતુ ઈશ્વર છે - એની પ્રતીતિ તો જન્મતાંની સાથે જ એમણે માતાપિતાને કરાવી હતી. તેમણે ટોપલામાં ઊંચકીને મધરાતે બહાર નીકળવા માગતા પિતા માટે પ્રકૃતિ કેટલી બધી અનુકૂળતાઓ કરાવી આપે છે! બંદીઘરના દરવાજા આપોઆપ ખૂલી જાય, ચોકીદારો ઊંઘી જાય, બે કાંઠે વહેતી યમુના વસુદેવને સામે પાર પહોંચવા અનુકૂળતા કરી આપે, નંદબાવાનાં ઘરુણી યશોદાની કૂખે જન્મેલી બાળકીને લઈ વસુદેવ પાછા ફરે અને કંસ એ કુમળી કન્યાને પણ પથ્થર પર પછાડે... શ્રીકૃષ્ણનું બાળસ્વરુપ એ આપણા સાહિત્યનું મહામૂલું નજરાઉં છે. કાનુડો એના માટી ખાધેલા મુખમાં માતા જશોદાને આખું બ્રહ્માંડ બતાવી પોતે ઈશ્વરનું જ સ્વરુપ છે તેનો અનુભવ કરાવે છે. પાછળથી ધૃતરાષ્ટ્રને અને વિદુરને હસ્તિનાપુરની રાજસભામાં અને કુરુક્ષેત્રમાં અર્જુનને પોતાનું 'વિશ્વરુપ' બતાવે છે. ગોકુળની બાળલીલા અને પરાક્રમો, મથુરામાં કંસવધ અને દ્વારકાધીશ તરીકેની યશસ્વી કારકિર્દીને અંતે પ્રભાસના પીપળાને અઢેલી સ્વયં યોજેલ દેહોત્સર્ગદ : કૃષ્ણ એ કૃષ્ણ છે - એનાથી પર બીજું કંઈ પણ હોઈ શકે તો મને એની ખબર નથી ! જન્માષ્ટમીના પાવન પર્વ પ્રસંગે સૌ વાચકોને જયશ્રી કૃષ્ણ... કૃષ્ણં વંદે જગદ્ગદુરુમ્...

કફન में पॉकेट नहीं होता और ऊपर एकाउन्ट ट्रान्सफर नहीं होता...

कफन में पोकेट नहीं होता और ऊपर एकाउन्ट ट्रान्सफर नहीं होता...

- फ्रीकी अली

ઈ.સ. ૨૦૧૬માં આવેલી 'ફ્રીકી અલી' સોહેલ ખાન દ્વારા દિગ્દર્શિત ફિલ્મ હતી, જે ૧૯૯૬માં આવેલી હોલીવુડ ફિલ્મ 'હેપ્પી ગિલમોર' પર આધારિત હતી. ફિલ્મમાં નવાઝુદ્દીન સીદ્દીકી, અરબાઝ ખાન અને એમી જેકસન હતા. આ ફિલ્મના સંવાદ રાજ શાંડિલ્યએ લખ્યા હતા.

'ફ્રીકી અલી' અગાઉ કહ્યું તેમ હોલીવુડ કોમેડી ફિલ્મ 'હેપ્પી ગિલમોર' પર આધારિત હતી. પરંતુ 'ફ્રીકી અલી' માં નવાઝુદ્દીનનાં અમુક ધમાકેદાર સંવાદ સિવાય બીજું કંઈ ખાસ નહોતું. નવાઝુદ્દીનના અલગ જ અંદાઝથી બોલાયેલ અમુક સંવાદ આ ફિલ્મનું એક માત્ર જમા પાસુ હતું, ઉપરોક્ત સંવાદ આ નવાઝુદ્દીન એક લાલચી અને સંગ્રહખોર ધનવાનને કહે છે, પૈસા ઉપર સાથે નથી લઈ જવાતા માટે તેનો ઉપયોગ યોગ્ય રસ્યે કરી દેવો જોઈએ તેમ સમજાવે છે.

ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

પંચતંત્રમાં આવા જ અર્થસામ્ય વાળો એક શ્લોક મળી આવે છે.

दातव्यं भोक्तव्यं धनविषये सञ्चयो न कर्तव्य : ।
पश्येह मधुकरीणां सञ्चितमर्थं हरन्त्यन्ये ॥

દાન આપી દેવું જોઈએ અથવા ઉપયોગ કરી લેવો જોઈએ, ધનનો સંચય ન કરવો જોઈએ. જુઓને અહીંયા મધમાખીઓ દ્વારા સંચિત વસ્તુ બીજા વ્યક્તિ લઈ જાય છે.

અતિ કૃપણ (કંજૂસ) વ્યક્તિ બધી જ વસ્તુ બચાવવા માટે જ પ્રયત્નશીલ રહે છે, જયારે જીવનપાયન ખૂબ જ આરામદાયક કરી શકવાની ક્ષમતા હોય છતાં તે વગર કારણે કરકસર કરીને છતે પૈસે દયનીય સ્થિતિ ભોગવે છે, પરંતુ તેના મૃત્યુ પછી તેણે સંગૃહિત કરી રાખેલું ધન તે સાથે તો લઈ જઈ શકતો નથી, તેનો ઉપયોગ પછીથી તો બીજાઓ જ કરતા હોય છે.

મૃત્યુ પામતા પહેલા સિકંદરે પણ કહ્યું હતું કે, મૃત્યુ બાદ મારા હાથ કફનની બહાર રાખજો જેથી કરીને આ દુનિયા જોઈ શકે કે, જગત વિજેતા એલેકઝાન્ડર પણ મૃત્યુ પછી પોતાની સાથે કશુ લઈ જઈ શક્યો નથી.

પંચતંત્ર ભારતીય સાહિત્યશાસ્ત્રનું અણમોલ નજરાણું. તેની મહત્તા અગાઉ ઘણીવાર જણાવી જ દીધી છે. તો પછી વાચકમિત્રો પંચતંત્ર વસાવી લીધું કે નહીં ?

- jayuoza@gmail.com, Mo.9898046488

વાર્તા વાચિકમ્ કાર્યક્રમ યોજાયો

વૃત્ત સંચય

● ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા યોજાતા સાહિત્યિક કાર્યક્રમો અંતર્ગત; કાર્યક્રમ વિચાર-વિમર્શ અને વિવેચન તા. ૧૮-૦૮-૧૯ના રોજ ડૉ. આંબેડકર ભવન ખાતે યોજાઈ ગયો, જેમાં પાટણના સાહિત્યકાર નરેન્દ્ર વાણિયાએ તેઓ લિખિત વાર્તા 'ભાગિયો'નું વાંચન કર્યું, જયારે જાસપુરના કવિ રામભાઈ સોલંકીએ તેમનાં સ્વરચિત કાવ્યો (૧) વાત મારી કોઈએ ના સાંભળી (ગીત) (૨) સાચું મહાકાવ્ય (અછાંદસ) (૩) હવે અંગૂઠો ન આપું (ગીત) અને (૪) દલિત કવિનું મૃત્યુને સ્વમુખે પઠન કર્યું અને ત્યારબાદ હાજર સાહિત્યકારો ડૉ. મોહન પરમાર, પ્રાય યશવંત વાઘેલા, નટુભાઈ પરમાર, નરેન્દ્ર વાણિયા, રામ સોલંકી, નિલેશ કાથડ, રમણ વાઘેલા, દલપત ચૌહાણ, જિતેન્દ્રભાઈ વાઘેલા, આલોક આનંદ, નરેન્દ્રભાઈ 'પ્રિયજન', હિતેન્દ્ર હિતકર, બાબુભાઈ નાયક, કૌશિક પરમાર વિગેરેએ, આરજૂ થયેલ કૃતિઓમાં ઊંડો રસ લઈ, કૃતિઓ અંગે વિચાર-વિમર્શ અને વિચેચન કર્યું હતું.

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

● 'ગુજરાત લેખક મંડળ' દ્વારા તા. ૧૮-૦૮-૧૯ને રવિવારના રોજ, વિદ્યાપીઠ ખાતે 'વંચિત સમુદાયોના સાહિત્ય વિષયક પરિસંવાદ યોજાઈ ગયો. જેમાં 'આદિવાસી લોકસાહિત્ય' માં વ્યક્ત થતાં વિશિષ્ટ અને માનવીય મૂલ્યો, વિષય ભગવાનદાસ પટેલ; ફાધર રેમન્ડ ચૌહાણ, કાનજી પટેલ, ડાહ્યાભાઈ વાઢુ અને પ્રો. આનંદ સમુદાયોના સર્જકોની અભિવ્યક્તિ સામેના પડકારો અને અવરોધક પરિબળો, વિષયે દક્ષિણ છારા, જીતેન્દ્ર વસાવા, કુલીન પટેલ, જયશ્રી ચૌધરી, સોનમ રાઠવા, કુશળ તમંયે, અનીશ ગારંગે, વિક્રમભાઈ ચૌધરી, કલાધર મુતવા, બરખા વાલવી, સુરમલ વહોનિયાએ વકતવ્યો આપ્યા હતા.

શ્રાવણી ભીનાશમાં મેઘાણીની સુવાસ

કવિ રમેશ પારેખ સમર્થ સર્જક તથા સંશોધક મેઘાણી માટે લખે છેઃ

"તિમિરકાળમાં તમે ઘીના દીવા જેમ પ્રગટ્યાતા મારા સોરઠ કેરા રંક ખોરડે" પરંતુ ઘીના દીવા જેમ પ્રગટેલા આ વ્યક્તિત્વ થકી કેવું કામ થયું તે પણ રમેશ પારેખના શબ્દોમાં સાંભળવું ગમે તેવું છે.

"સુક્કા તળમાં જળ છલકાવ્યા
ટોડલિયે મોરાં ગહેકાવ્યા."

મેઘાણી આપણી ભાષાને મળ્યા તેને કાકાસાહેબ આપણી માતૃભાષાનું સદ્ભાગ્ય ગણે છે. કાકાસાહેબના મતે લોકમાનસ, લોકજીવન તથા લોકસાહિત્યની એકાગ્ર નિષ્ઠાથી સેવા કરનાર મેઘાણી જેવા વ્યક્તિત્વનો જોટો જડવો મુશ્કેલ છે. ઉપવનમાંથી ધિજરાજ ઊડી જાય તેમ મેઘાણીની અકાળે ચિર વિદાયને કાકાસાહેબે વ્યથાપૂર્ણ ગણાવી છે.

મેઘાણીના માનસમાં સામાન્ય જન કેન્દ્રસ્થાને રહેલો છે. જન સામાન્ય એજ આ સર્જકનો આરાધ્ય દેવ છે. વંચિતો તેમજ પીડિતોની વાત મજબૂતી તેમજ અસરકારકતાથી કરીને આ સર્જકે અસમાનતા ઊભી કરનારા તથા તેનું જતન કરનારાને વંચિતોના પુણ્યપ્રકોપ સામે ચેતવ્યા છે.

" અમે ખેતરને વાડીએથી
જંગલને ઝાડીએથી
સાગરથી ગિરિવરથી
સુણી સાદ આવ્યા.
અમે કંટકનો પુનિત તાજ
પહેરી શિર પરે આજ
પીડિત દલિતોનું રાજ
રચવાને આવ્યા.
જાગ જાગ ઓ રે અંધ !
કાળ સૈન્ય આવ્યા.

લોકસાહિત્ય એકઠું કરવા આ સર્જક ઝોળી લઈને ગામડે-ગામડે તથા નેસડે-નેસડે ભટક્યા છે. બગવદર એ આવીજ એક ઘટના છે. બગવદરના મેરાણી ઢેલીબેનને ત્યાં અને ગામ સમસ્તમાં એક ઈતેજારીનો તથા ઉત્સુક્તાનો માહોલ ઊભો થયો છે. મેઘાણી જેવા મહેમાન ઢેલીબેનને ત્યાં આવીને ઉતર્યા છે. "ધોળા ધોળા લૂગડામાં મોટી મોટી આંખો વાળા" મેમાનને જોઈનેજ આવકાર દેવાનું મન થાય તેવી પ્રતિતિ ઢેલીબેનને થઈ છે. ઢેલીબેન તેમના મીઠા કંઠે અસલ ઢાળમાં લોકગીતો ગાતા જાય અને મહેમાન સ્ફુર્તિથી પોતાની નોંધપોથીમાં આ ગીતો ટપકાવતા જાય. ગાયા સિવાય ઢેલીબેનને ગીતોના શબ્દો સૂઝે નહિ એટલે ગાતા જાય અને મેઘાણી પૂરી પ્રસન્નતા સાથે આ ગીતો ઝીલતા જાય. સ્વાન્તઃ સુખાયનો કેવો મોટો અનુભવ આ બન્ને સાહિત્યના જીવોને થયો હશે ? પરંતુ હવે મેમાન જમવા બેસે છે એ પ્રસંગ તો ઢેલીબેનના શબ્દોમાંજ સાંભળવો વિશેષ ગમે તેવો છે.

"(મેઘાણીભાઈ) જમવા બેઠા. મહેમાન માટે રીવાજ પ્રમાણે પાટલો ઢાળ્યો હતો. પણ આ મહેમાન પાટલે ન બેઠા ! હું ચુલા પાસે નીચે બેસીને રોટલા ઘડતી હતી તેથી પોતે પણ પાટલો ખસેડીને ભોંય પર બેઠા. પાટલા પર બેસવાનો આગ્રહ કર્યો તો કહે : રોટલા ઘડનાર નીચે બેસે અને ખાનાર ઊંચે - પાટલા ઉપર બેસે એ ક્યાંનો ન્યાય ? " શ્રી નરોત્તમભાઈ પલાણ ઢેલીબેનની રૂબરૂ મુલાકાતનો સંદર્ભ આપીને લખે છે : "વયો વૃધ્ધ ઢેલીબેનની આંખમાંથી મેઘાણીભાઈની જીવંત તસવીર મેં પીધી ! " વર્ષો પછી પોતાના મોંઘેરા મહેમાનને યાદ કરી ઢેલીબેન ભાવ વિભોર થયા હતા.

લોકસાહિત્યને મેઘાણી જેવા રુજુ હૃદયના સંશોધક મળ્યા તે સાહિત્યનો એક વિરલ તથા સુખદ યોગાનુયોગ છે. ધારદાર સાહિત્યનું નિર્માણ કે તેનું અસરકારક સંશોધન સુવિધાપૂર્ણ જગાએ બેસીને ન થાય તે માટે તો ધરતીનો ખોળો ખૂંદવો પડે. મેઘાણીભાઈએ તેમ કર્યું. હજુ જાણે ગઈકાલેજ આપણી વચ્ચેથી અલવિદા કહીને ગયેલા એવા કર્મશીલ લેખક - વિચારક મહાશ્વેતાદેવીએ પણ આમજ કર્યું. અણખેડ્યા પંથ અને અણદીઠી ભોમની ખેપો કરીને શબ્દના મેઘાણી નામધારી આ સોદાગરે સાહિત્ય એકઠું કર્યું. કવિ શ્રી પિંગળશીભાઈ લીલાએ લખ્યું છે તેમ મેઘાણીએ ધરણીના પડને ઢંઢોળીને નેકટેકની ખાતર ખપી ગયેલા અનેક વીરલાઓની વાતોને જગત સમક્ષ રજૂ કરી છે.

કોણ હવે કોદાળી લઈ
ધરણી - પડ ઢંઢોળે,
કોણ હવે સમશાન જગાડી
ખપી ગયેલાં ખોળે,
કોણ હવે કહેવાનો
ગરવી ગૌરવની કહાણી
અમર લોકથી આવ્ય
અમારા શાયર મેઘાણી.

આપણાં સાહિત્યને જન જન સુધી પહોંચાડવાના કામમાં આકાશવાણી (AIR) એ ખૂબ મહત્વનું અને સુદીર્ઘ યોગદાન આપેલું છે. Public Broudcuster ની જવાબદારી

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

સ્વીકારી અને તેનું હેતુપૂર્ણ રીતે વહન કરવું તે પડકારયુક્ત કાર્ય છે. સાહિત્યના - સંગીતના પ્રસારણ માટે આકાશવાણીમાં થયેલા અનેક પ્રયાસો એ એક અલગ તથા ઉજળા ઈતિહાસનો વિષય છે. કોઈપણ સાહિત્યીક કૃતિનું રેડિયો નાટકના સ્વરૂપે પ્રસારણ સાંભળીએ ત્યારે તેમાં મહત્વનું યોગદાન આપનાર ચં. ચી. મહેતા સૌની નજર સામે તરે છે. આપણાં વિશાળ દેશમાં દરેક પ્રદેશની વિશેષ સંસ્કૃતિને અનુરૂપ ભિન્ન ભિન્ન પ્રકારનું સાહિત્ય હોય છે. તુકારામની છાપ જે મરાઠી ભાષાના પદને લાગી હોય કે નરસિંહની ભાત જે ગુર્જરી ગીતોમાં ઊભરી હોય તે આપણી મોંઘેરી વિરાસત છે. રેડિયો તથા લોક કલાકારોના માધ્યમથી તે લોક સુધી પહોંચી શકી છે. નાનજી મિસ્ત્રી જેવા કસબીઓની કમાલ જાહેર કાર્યક્રમો ઉપરાંત આકાશવાણીના માધ્યમથી જનસમૂહ સુધી અસરકારક રીતે પહોંચી છે. આજ રીતે ઢેબરભાઈ તથા રતુભાઈ જેવા સાહિત્યપ્રેમીઓની દીર્ઘદ્રષ્ટિને કારણે રાજકોટને રેડિયો સ્ટેશન મળ્યું. રાજકોટ રેડિયો સ્ટેશન તરફથી સાહિત્યના અનેક સ્વરૂપોની સાથે લોકસાહિત્યનું જે પ્રસારણ થયું છે તેણે મેઘાણીભાઈના બળકટ લોકસાહિત્યને પાંખો પૂરી પાડી છે. રજૂઆતની શૈલિનું પણ એક આગવું મહત્વ હોય છે તે વાત સર્વ સ્વીકૃત છે. મેઘાણીભાઈ રચીત તથા સંશોધિત સાહિત્યની તેમજ સંતવાણીની સરવાણીને હેમુ ગઢવી – યશવંત ભટ્ટ અને મુગટલાલ જોશી તથા કચ્છના પનોતા પુત્ર વેલજી ગજજર જેવા સમર્થ વાહકોનો કંઠ મળ્યો તે સોનામાં સુગંધ મળ્યા જેવું કાર્ય થયું. મેઘાણીભાઈના ગીતો જાણે હેમુભાઈના કંઠમાં સોળે કળાએ મહોરી ઊઠ્યાં હતા. આજે પણ આ ગીતો એટલાજ કર્ણપ્રિય લાગે છે.

આભમાં ઊગેલ ચાંદલો ને
જીજાબાઈને આવ્યા બાળ
બાળુડાને માત હિંચોળે
ઘણઘણ ડુંગરા ડોલે.
શિવાજીને નિંદરું નાવે
માતા જીજાબાઈ ઝૂલાવે.

ગાંધીએ તો એમના દાંત સાફ થાય એટલું જ મીઠું ઉપાડ્યું પણ બ્રિટિશ સલ્તનતના દાંત ખાટા થઈ ગયા



મીઠા કર સામે આંદોલન કરતા ગાંધીએ દેશમાં કાયદાનું રાજ લાવવાનું કામ શરૂ કરી દીધું

૬ઠ્ઠી એપ્રિલે વહેલી સવારે મહાત્મા ગાંધીએ ચપટી મીઠું ઉપાડી ને બ્રિટિશ સલ્તનતની ઈમારતના પાયામાં લૂણો લગાડી દીધો પછી દાંડીકૂચના સેનાપતિના આદેશને માથે ચડાવીને સમગ્ર ગુજરાત અને સમગ્ર દેશના ખૂણેખૂણે નમક સત્યાગ્રહ આંદોલન સક્રિય રીતે વ્યાપી ગયું.

બીજો દિવસ એ ગાંધીના મૌન વારનો હતો. જયાં મીઠાની સામે લોક આંદોલન શરૂ થયું ત્યાં સ્થાનિકો સામે પોલીસનો બળપ્રયોગ પણ શરૂ થયો. ગાંધીજીને મૌન હતું આથી ગાંધીએ એક કાગળના ટુકડા ઉપર ટૂંકો સંદેશો લખીને દાંડી ની બાજુમાં જ આવેલા આટ ગામે મીઠું ઉપાડવાનો સત્યાગ્રહ કર્યો. પોલીસોએ શાંત સત્યાગ્રહીઓ ઉપર જુલમનો કોરડો વિંઝ્યો. ગાંધીજી તેમના સાથીઓ સાથે આટ ગામ ખાતે પહોંચી ગયા અને સત્યાગ્રહીઓને તેમનો સંદેશો વાંચી સંભળાવવામાં આવ્યો. ગાંધીનો સંદેશ હતોઃ

કોઈ પણ પરિસ્થિતિમાં તમે તમારા નિર્ણયને વળગી રહેજો. પોલીસને હિંસક પગલાં લેવાને ઉત્તેજન મળે એવો કોઈ પ્રતિકાર તમે કરશો નહીં. જે મીઠું તમે ઉપાડો તેને છાતી સાથે બરાબર વળગાડી રાખજો. તેને છાતી સાથે વળગાડી રાખવાનો તમને પૂરેપૂરો અધિકાર છે. એમ કરવામાં હિંસા થતી નથી. આ મીઠું આપણને આપણા લોહી જેટલું જ વહાલું છે. હું આશા રાખું છું કે તમારી ધીરજ વડે, તમારા કષ્ટ સહન કરીને તમે પોલીસના હૃદયનું પણ પરિવર્તન કરશો. તમારા કામમાં પોલીસની દખલગીરી તરફ ધ્યાન ન આપતા તમારું કામકાજ ચાલુ રાખજો.

એક સાવ નાનકડા સંદેશા દ્વારા મહાત્મા ગાંધીએ સમગ્ર ભારતના મીઠાના સત્યાગ્રહીઓને મીઠા કર સામે શાંત અને સંગઠિત લડત માટે તૈયાર તો કર્યા પરંતુ અહિંસક માર્ગે જ. દેશના ઠેકઠેકાણે કોઈ પણ પ્રકારનું પ્રજા આંદોલન થાય તો એ મીઠાના કર સામે હોય કે અન્ય કોઈ પ્રશ્ને પણ તે શાંત અને અહિંસક લડતનો માર્ગે જ થાય તેમ તેમણે સમજાવ્યું. આ ઉપરાંત અત્યાચાર કરી શકે એવા પોલીસો સામે પણ કોઈ પણ પ્રકારનો પ્રતિકાર નહીં કરીને તેમના હૃદય પરિવર્તનની વાત કરી. દુશ્મનને પણ તમારો પ્રશ્ન અને સત્યાગ્રહની લડત સમજાવવાનો આનાથી વધારે બેનમૂન દાખલો કયો હોઈ શકે?- એવું તેમની વાણીમાં વ્યક્ત થાય છે.

મહાત્મા ગાંધીએ આખા દેશમાં એકસાથે મીઠા સામે 'ના કર'ની લડત બહુ જ સહજતાથી શાંત અને અહિંસક માર્ગે પ્રસરાવી દીધી હતી. ૬ઠ્ઠી એપ્રિલે દાંડીના કિનારે મીઠું ઉપાડીને ગાંધીજીએ વિરોધ કર્યો પછી એ જ દિવસને કેન્દ્રમાં રાખીને રાષ્ટ્રીય સપ્તાહ ઉજવવાનું દેશભરમાં નક્કી કરવામાં આવ્યું. ગાંધીજીએ જ્યારે મીઠાના કર સામે અમદાવાદથી દાંડી સુધીની યાત્રા શરૂ કરવાનો નિર્ણય જાહેર કર્યો ત્યારે સત્યાગ્રહ આંદોલનના તેમના શીર્ષસ્થ સાથીદારો અને સેનાનીઓને પણ આવા આંદોલન અને કૂચની સફળતા વિશે અનેક શંકાઓ હતી. તેમ છતાં તે બધાએ ગાંધીજીએ કહ્યું એટલે કરવાનું એમ સ્વીકારીને આગળ ચાલ્યા હતા. પણ ગાંધીજીએ આ આંદોલન યોગ્ય રીતે કર્યું છે એમ જેમ જેમ કૂચ આગળ વધતી જતી હતી. તેમ તેમ અંગત સાથીઓ સહિત સૌ કોઈને સમજાઈ રહ્યું હતું. રાષ્ટ્રીય સપ્તાહના પ્રથમ દિવસે ગાંધીજીએ જાહેર કરેલા સંદેશામાં તેમણે જણાવ્યું કે આજે રાષ્ટ્રીય સપ્તાહનો

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

પહેલો દિવસ છે. આપણો સત્યાગ્રહ સુંદર રીતે શરૂ થયો છે. સરકાર ધરપકડ કરે કે ન કરે છતાં આપણે આપણું કર્તવ્ય કર્યા જ કરવાનું છે. દાંડીમાં આપણે કાયદાનો ભંગ કર્યો છે. દરેક ધર્મમાં સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે કે શુભ કામની શરૂઆત સ્નાન કરીને જ કરવી. દાંડીમાં કાયદાનો ભંગ ઈશ્વરની પ્રાર્થના અને સમુદ્રસ્નાન કરીને આપણે કર્યો છે. સરકાર દાંડીમાં કુદરતે બક્ષેલી મીઠાનો નાશ કરે છે એ નાશ થતો અટકાવવાનો આપણો ધર્મ છે. મેં મારાથી ઉપાડી શકાય તેટલું મીઠું ઉપાડી લીધું છે. મારા દાંત સાફ કરવા જેટલું મીઠું તો હું મેળવી શક્યો છું આજે તો દાંડીમાં ને બીજે ઠેકાણે દરેક કોમે પેટ ભરીને મીઠું લીધું છે. સરકાર ગમે તેટલો ડર બતાવે તો પણ મીઠાના કાયદાનો સવિનય ભંગ કરજો અને સ્વરાજ માટેના બીજા દર્શાવેલા કામ ઉપાડી લેશો તો આ સપ્તાહમાં જ સ્વરાજનો કાયદો ઘડાશે એવો વખત આવી લાગ્યો .છે કે દરેકે પોતે પોતાના સૈનિક અને આગેવાન બેઉ થવું પડશે.

ગાંધીએ તો સૌજન્યપૂર્ણ રીતે કહ્યું કે 'મારા દાંત સાફ કરવા જેટલું મીઠું તો હું મેળવી શક્યો છું'- પણ ગાંધીના આ ચપટી મીઠું ઉપાડવાના વિરોધથી બ્રિટીશ સલ્તનતના દાંત ખાટા થઈ ગયા હતા એ આ સત્યાગ્રહની સફળતા હતી. ગાંધીજી એ એક નાનકડું ગણાય એવું દાંડી કૂચનો કાર્યક્રમ આપ્યો હતો પરંતુ એની કેટલી મોટી સફળતા મળી હતી એ તો થોડાં જ વખતમાં સમય બતાવી આપવાનું હતુ. રાષ્ટ્રીય સપ્તાહ અંતર્ગત એવા અનેક કાર્યો ગાંધીજી એ પ્રજાની સાથે જોડી દિધા હતા કે જેના કારણે ભારતમાં સમાનતા બંધુત્વની ભાવના આપોઆપ વિકસી જાય. ગાંધીએ દેશ આઝાદથાય અને બંધારણનું રાજ આવે એના બે દાયકા પહેલા કાયદા અને સમાનતાનું રાજ આવે એવા પ્રયાસો સાથે પ્રજાને જોડી દીધી હતી. ગાંધી એટલે જ તો જમાનાથી આગળ રહેતા હતા એમ કહેવાય છે એ ખોટું નથી.